દિવ્ય ભાસ્કર

મુંબઇ 22-03-2025

# ભારતના સાંસ્કૃતિક, વ્યાવસાયિક ક્ષેત્રની ખોજની તક




બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ટેકનોલોજી (BIMTECH) એ "ઈન્ડિયા સ્ટડી પ્રોગ્રામ 2025" નું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ ઈમર્સિવ પ્રોગ્રામે ઓસ્ટ્રિયાના FH Vorarlbergના વિદ્યાર્થીઓને ટકાઉપણું, વિવિધતા અને નેતૃત્વ પર જ્ઞાનસભર ચર્ચાઓમાં ભાગ લેવાની સાથે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક, સામાજિક અને વ્યવસાયિક ક્ષેત્રની ખોજ કરવાની અનોખી તક પૂરી પાડી હતી. 10 દિવસના આ કાર્યક્રમમાં બીમટેકના ખૂબ જ અનુભવી ફેકલ્ટી સાથે ઈન્ટરેક્ટિવ સેશન્સ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બાળ વિકાસ પહેલ અને આગ્રાનો કિલ્લો તથા તાજમહેલના ઐતિહાસિક પ્રવાસ સહિત મહત્વપૂર્ણ સ્થળોની ફિલ્ડ વિઝિટ્સ યોજાઈ હતી. આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ભારતના વારસા, ટકાઉપણાના પડકારો અને કોર્પોરેટ ઈકોસિસ્ટમની ઊંડી સમજ પૂરી પાડવા માટે કાળજીપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યો હતો.